# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC 'A' (3.02) State University

યુનિવર્સિટી રોડ, પો. બો. નં.–૨૧, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોન : ૨૨૨૭૪૫, ૨૩૦૫૨૯, ૨૩૦૭૪૩, ૨૩૩૬૪૮ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


**પરિપત્ર ક્રમાંક : ૯૪/૨૦૧૮**

**વિષય : યુનિ. સંલગ્ન સેલ્ફ ફાયનાન્સ કોલેજો તથા સેલ્ફ ફાયનાન્સ વર્ગોના શૈક્ષણિક સ્ટાફની માન્યતા અંગે.**
**સંદર્ભ : પરિપત્ર ક્રમાંક : ૬૮/૨૦૧૮ના નં.એકે/માન્યતા/૧૭૨૫/૨૦૧૮, તા.૧૨/૦૬/૨૦૧૮ નો સુધારો.**

આ યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોમાં આચાર્ય,અધ્યાપક તથા ગ્રંથપાલની ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેઓની માન્યતા મેળવવા માટેની દરખાસ્ત યુનિવર્સિટીને મોકલવામાં આવે છે. અનુભવે એવું જણાયું છે કે,કોલેજો તરફથી શૈક્ષણિક સ્ટાફની માન્યતા માટે યુનિવર્સિટીને મળતી દરખાસ્તો અધૂરી અથવા ખામીયુકત હોઈ,બિનજરૂરી પત્રવ્યવહાર કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય છે અને તેના કારણે માન્યતાની કાર્યવાહી વિલંબિત થાય છે.

આથી, હવે પછી નીચે ક્રમાંક : ૧ થી ૧૩ મુજબના આધાર–પુરાવા સાથે જ કોલેજ કક્ષાએ પૂરતી ચકાસણી કર્યા બાદ માન્યતા માટેની **દરખાસ્ત ઈન્ટરવ્યુ તારીખથી ૧૫ દિવસમાં યુનિવર્સિટીને મોકલવા** સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા સંચાલક મંડળના પ્રમુખશ્રી/મંત્રીશ્રીઓને સૂચના આપવામાં આવે છે.

૧. પ્રોસેસ ફી (એક અધ્યાપક/આચાર્ય દીઠ ૫૦૦/– રૂા.)
૨. કોલેજનો ફોરવર્ડીંગ લેટર
૩. અધ્યાપક વર્ગમાં થતાં ફેરફાર અંગેનું ફોર્મમાં સંપૂર્ણ વિગતો સાથે ભરીને મોકલી આપવી.
૪. છેકછાક વગરની વરણી સમિતિની કાર્યનોંધ પ્રમુખશ્રી/મંત્રીશ્રીના સહિસિક્કા સાથે પ્રમાણિત કરેલ હોવી જરૂરી છે.
૫. ઉમેદવારનો નિમણૂંક પત્ર, ઉમેદવારનો સ્વિકૃતિ પત્ર અને ઉમેદવારનો હાજર રીપોર્ટ
૬. ઉમેદવારે ઈન્ટરવ્યુમાં બેસવા માટે કરેલ અરજીની નકલ
૭. ઉમેદવારના ડોકયુમેન્ટસ (એલ.સી.,જાતીનું પ્રમાણપત્ર,સ્નાતક,અનુસ્નાતકની તમામ પ્રયત્નોએ પાસ કરેલ ગુણપત્રકોની તથા પદવી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો તથા નેટ/સ્લેટ/પીએચ.ડી.પદવીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલો )
૮. નિમણૂંક કરેલ ઉમેદવારના ગુણપત્રકો યુજીસી માન્ય કોલેજ/યુનિવર્સિટીના છે કે નહી તથા અનુભવના સર્ટિફીકેટ ચકાસીને કોલેજના પ્રમુખશ્રી/મંત્રીશ્રી ધ્વારા પ્રમાણિત કરીને માન્યતા ફાઈલ સાથે રજૂ કરવા.
૯. હિન્દી માધ્યમ/અંગ્રેજી માધ્યમમાં શરૂઆતથી અભ્યાસક્રમ કરેલ કે પર–પ્રાંતિય શિક્ષક જે તે વિષયમાં આપની કોલેજમાં ચાલતાં માધ્યમમાં અધ્યાપનકાર્ય કરી શકે છે,તે મતલબનું અધ્યાપકનું સોગંદનામું તથા ટ્રસ્ટ/મંડળનો બાંહેધરીપત્ર રજૂ કરવો.
૧૦. દરેક ફોર્મમાં સંપૂર્ણ વિગતો ભરવી તથા વેબસાઈટ www.ngu.ac.in પરથી બધા ફોર્મ મેળવી લેવા.
૧૧. બી.એડ.કોલેજોમાં માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકના અનુભવ સંદર્ભે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આપેલ મંજૂરી અને માન્યતાનું સર્ટિફીકેટ (ડી.ઓ.ઓફીસ) ની પ્રમાણિત નકલ સામેલ કરવી.
૧૨. પર–પ્રાંતિય અધ્યાપકોની માન્યતા વખતે કોલેજ/સંસ્થાએ રૂા.૫૦/–ના સ્ટેમ્પ પેપર પર તેઓ બીજે કયાંય નોકરી કરતાં નથી તે મતલબનું સોગંદનામું યુનિવર્સિટીને મોકલી આપવું.
૧૩. અધ્યાપકે માન્યતા ફોર્મમાં અનુભવનું કોલમ અવશ્ય ભરવું, જો અનુભવ ન હોય તો લાગુ પડતું નથી તેમ દર્શાવવું. નોકરીમાં ચાલુ હોય તેમણે જૂની સંસ્થામાંથી રાજીનામું મંજૂર કરાવીને જ માન્યતા ફોર્મ ભરવું.

**સહી/–**
**કા.કુલસચિવ**

નં.–એકે/માન્યતા/૨૫૩૧/૨૦૧૮
તારીખ : ૦૬/૦૭/૨૦૧૮

**પ્રતિ,**

૧. આ યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ,
૨. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી,હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૩. કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૪. નાયબ કુલસચિવશ્રી, હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૫. જોડાણ પ્રશાખા,એકેડેમિક વિભાગ, હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૬. સિસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર (રીઝલ્ટ) સેન્ટર, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, **પાટણ (વેબસાઈટ પર મૂકવા સારૂ)**